ॐ तत्सत्

संध्यावन्दनादिक संक्षिप्त

नित्यकर्म पद्धति.

श्रीयुत स्वामिजी सदाशिव

सरस्वतिजीनी शुभ अनुमतिथी

प्रसिद्ध कर्ता.

गुन्मा-महन्त सुखलालपुरिजी

गुरु केशुपुरिजी (वरसोडा)

संध्यावन्दन आदिथी, त्रिविध ताप परिहार;

दशनामिनी उन्नति जगमां जयजयकार.

प्रथमा आवृत्ति.

यतोधर्म स्ततोजयः

विक्रमार्क १९६६—खीस्ताब्द १९०९

अमदावाद—युनाईटेड कंपनी प्रेस.

गुरु मंत्र.

ब्रह्मानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्तिम्
द्वंद्वातीतं गगनसदृशं तत्वमस्यादि रूपम्
एकं नित्यं विमलमचलं सर्वदा साक्षिभूतम्
भावातीतं त्रिगुणरहितं सद्गुरुं तं नमामि ॥

ભાવાર્થ—બ્રહ્માનંદમય પરમસુખ સમર્પક કેવલજ્ઞાન મૂર્તિ-રૂપ સુખ દુઃખ. ભુખ તૃષાદિક દ્વંદ્વોને ઉલંધન કરી ગયેલ અર્થાત તે પર જીત મેળવનાર આકાશ સમાન નિર્લેપ તત્વમસિઆદિ મહા વાક્યોમાં દર્શાવેલ શુદ્ધ સ્વરૂપવાન્—એક નિત્ય—નિર્મળ—સ્વરૂપરૂપથી અચળ સર્વદા જગતના સાક્ષિરૂપ દ્રષ્ટા—ભાવાતીત—સત્વ—રજ—તમાદિ ગુણોથી રહિત સદ્ગુરૂને નમસ્કાર કરૂં છું.

અર્પણ પત્રિકા.

પરમકૃપાળુ શ્રીમાન્ મહાશય શુભસંસ્કારી
મહંતશ્રી ગંગાભારથીજી.

શુભસ્થળ સિદ્ધપુર.

આપશ્રી દશનામી ગોસાંઇઓને વિદ્વાન્ યોગનિષ્ઠ વિવેકશીલ તથા તત્વજ્ઞાની કરવાને ચાહોછો. અને એ હેતુ માટેજ વિક્રમાર્ક સંવત્ ૧૯૬૫ ની સાલમાં ઉક્ત ગોસાંઇઓનો આપશ્રીએ એક મેળાવડો ભર્યો હતો. ઉપરાંત દયાવાન્ ધર્મનિષ્ઠતા સત્કીર્તિમાન્ અને પ્રેમાળ સ્વભાવવાન્ છો. તેમ આપની જગ્યાના મહાત્માઓ પણ શુભગુણ સમલંકૃત અને સ્વમાર્ગોત્સાહી છે. તથા આપશ્રીના સાથે મારો લાંબો પરિચય હોવાથી મારા પ્રતિ સ્નેહાળવૃત્તિ આદિ આદિ શુભ ગુણોએ આકર્ષાઇ આ સંતસુધારક લઘુ પુસ્તક આપને અર્પું છું તે સ્વિકારશોજી.

લે. મહંત શુખલાલપુરિ
ગુરૂ કેશુપુરિજી
ગુન્મા—(વરસોડા)

પ્રસ્તાવના.

ગોસાઇઓ એ શ્રીમાન્ શંકરાચાર્યજીના મતાનુયાયીઓ છે. આખા આર્યાવર્તમાં તેમની વસ્તિ ઘણા ભાગે જોવામાં આવે છે. તેમાં કેટલાક મઠધારી–એટલે મઠ બાંધી રહેલા ગામ તથા ગિરાસના માલીક છે અને બાકીના બીજા અવધૂત વેષ ધારણ કરી યાત્રાદિક માટે વિચારતા રહે છે. તેઓમાં કેટલાક યોગમાં નિષ્ણાત વૈરાગ્યવાન્ અને તપસ્વીઓ હોય છે. પણ કાળબળે તેઓએ હાલે તત્વજ્ઞાનની ઉચ્ચ શૈલિથી જરા ઉતરવામાં આવ્યું છે. માટે શાસ્ત્રાભ્યાસ પૂર્વક સ્નાનસંધ્યા આદિ ષટ્કર્મ તેઓ કરે અને આવા વિષયમાં પ્રવિષ્ટ હોઇ ઉચ્ચતર ભૂમિકામાં દિનપ્રતિદિન આરોહણ કરે તે એ હેતુએજ આ મારો પ્રથમ પ્રયાસ છે. હજી મારા મનમાંતો એવી ઉર્મિઓ ઉછળે છે કે તેમને ભણવા તથા ષટ્શાસ્ત્ર સંપન્ન કરવા અને નિવૃત્તિમાર્ગમાં પ્રવીણ કરવા માટે બીજાં કેટલાંક સાધનોની ઘણી અપેક્ષા છે. અને તે પૂર્ણાહુતિમાં લાવવા જાગીરદાર મહંતરાજો પ્રયત્ન કરેતો બની શકે તેમ છે. ગ્રહસ્થાશ્રમમાં રહેનાર બ્રાહ્મણો જેવા વિદ્વાન તથા કર્મકુશળ રહે છે તેમજ નિવૃત્તિમાર્ગવાળા સાધુઓ કેળવાઇ સમર્થ થાયતો જગતનું ભલું કરી કેટલો ધર્મવિજય કરી શકે તે જાણવું આવ-

સ્યતા ભરેલું છે. આશા છે કે આ લેખ વાંચી ગોસાંઇ સંતજનો સ્નાનસંધ્યાદિક ષટ્કર્મમાં નિષ્ઠામાન્ થશે અને આગળ પર ચઢવા પ્રયત્ન કરશે એટલે મારો પ્રથમ પ્રયાસ સફળ થશે. તેઓની ઉન્નતિ માટે સંધ્યાવંદનાદિકની આવસ્યકતા સ્વીકારીને પ્રથમ પ્રયાસતઃ આ લઘુ પુસ્તક બહિર પ્રકાશ્યું છે તેનો લાભ ગોસાઈ સંતો લેશો. તેમાં જે કંઇ પ્રશ્ન (શંકા) થાય તે વિદ્વાન જનને પુછી નિર્ણય કરી આ આવૃત્તિમાં સુધારો વધારો કરવા આર્યદશનામી ગહંતો તરફથી સુચના થશેતો મહંતોની સ્હાયથી દ્વિતીયાવૃત્તિમાં સુધારો કરવામાં આવશે.

ॐ शान्तिः

લે. સુખલાલપુરિ ગુરૂ કેશુપુરિજી.

ગુન્મા—(વરસોડ)

અનુક્રમણિકા.

વિષયાંક—

अथ संक्षिप्त संध्यावन्दनादिक नित्यकर्म विधिः

१ उत्थान विधिः

સ્વસ્થ માણસે ધર્મ—આયુષ્યની વૃદ્ધિ તથા રક્ષણાર્થે પાછલી છ ઘડી રાત્રિ રહે ત્યારે જાગ્રત થઈ પ્રથમ શ્રીશંકર સ્તવન આ નિચે દર્શાવ્યા મુજબ કરવું.

वसंत तिलका.

प्रातः स्मरामि भवभीतिहरं सुरेशम्
गंगा धरं वृषभवाहनमंबिकेशम्
खट्वांग शूल वरदाभयहस्तमीशम्
संसाररोगहरमौषधमद्वितीयम् ॥ १ ॥

પશ્ચાત્ આ નિચેનો મંત્ર બોલી પૃથ્વીને નમસ્કાર કરી શય્યામાંથી બહાર આવી સદ્‌ગુરૂ આદિક વંદન કરવા યોગ્યને વંદન કરી જળના ત્રણ કોગળાવડે મુખ શુદ્ધ કરી ચક્ષુ તથા મુખ ધોઈ મળમૂત્રાદિકના ત્યાગ માટે નિકળવું.

२ मळमूत्र त्याग विधिः

ગામથી ત્રણસેં કદમ નગરથી ચારસેં કદમ બનેતો નૈરૂત્‌કોણમાં જવું. તથા અનુકૂળ હોયતો ભૂમિપર સુકું ઘાસ પાંદડાં કે

કાષ્ટાદિક પાથરી. (રાત્રિના સમયે દક્ષિણ ભણીને બન્ને સંધ્યા સમય તથા દિવસના ભાગમાં ઉત્તર ભણી મુખ રાખી) મૌનપણે મળમૂત્રાદિનો ત્યાગ કરવો. ઘર વા નગરની સમિપ મળ ત્યાગ કરવો નહિ નિર્માણ કરેલા અમુક સ્થળે જવું હોય ને ત્યાં દિશાનો સમય પાળી શકાય તેમ હોયતો પાળવો. તે સમયે માથા પર વસ્ત્ર વીંટી નાક તથા કાનને પણ ઢાંકવા.

લીલા ઘાસ ઉપર કીડીઓના દર ઉપર માર્ગ કે શેરીમાં જળ કે દેવ સંબંધી સ્થળમાં અગ્નિ ઉપર જળાશય પાસે ગોમય ઉપર ગોશાળામાં પર્વતના શિખ્ખર ઉપર સ્મશાનમાં પડી જવાય તેવા સ્થળ ઉપર પ્રવાસી જનોના વિશ્રામ લેવાના સ્થળમાં વૃક્ષના મૂળમાં ઉભાં ઉભાં ચાલતાં ચાલતાં ખેડેલા ખેતરમાં અને અગ્નિ, સૂર્ય, ચંદ્ર, સ્ત્રી, ગુરૂ, બ્રાહ્મણસંત એમની સન્મુખ મળમૂત્રનો ત્યાગ કરવો નહી.

૨ शौच विधिः

મળ ત્યાગ કર્યા પછી લિંગપર એકવાર ગુદા ઉપર ત્રણવાર મૃતિકા તથા જળ લગાવવાં. પછી જળથી તે અવયવો તથા ડાબો હાથ શુદ્ધ કરવાં. પશ્ચાત્ ઉચિતસ્થાને આવી ડાબા હાથમાં દશ વાર અને બન્ને હાથમાં સાત વાર બન્ને પગમાં એક એક વાર. લીલા આમળા જેટલી મૃતિકાથી અને તેટલીજ વાર જળથી તે અંગો ધોવાં પગ ધોયા પછી જળપાત્રને અને હાથને ફરીથી ધોવાં ધાતુપાત્રને અંદર બહારથી ખુબ ઉટકી નાખવું.

મૂત્ર ત્યાગ કર્યા પછી લિંગપર એક વાર અને ડાબા હાથમાં ત્રણ વાર અને બંને હાથમાં મૃતિકા લગાડવી તેટલી વાર જળથી અંગો ધોવાં. દિવસ કરતાં રાત્રિએ અર્ધું શૌચ કરવું. રોગિયે તથા પ્રવાસિએ રાત્રિથી અર્ધું કરવું. આ શૌચ ગ્રહસ્થાશ્રમ માટે છે. આનાથી બ્રહ્મચારીએ બમણું અને સન્યાસીએ ચાર ગણું કરવાનું છે. સ્ત્રી, શૂદ્ર અને બાળકે રોગિથી અર્ધું શૌચ કરવું. મળ ત્યાગ કર્યો હોય તો શૌચ પછી આઠ અને કેવળ મૂત્ર ત્યાગ કર્યો હોયતો ચાર એમ કોગળા કરવા ત્યારપછી આચમન લેવું, મળમૂત્રને વીર્ય (વીર્યપાત થાયતો મૂત્ર ત્યાગ પછીના શૌચ કરતાં બમણી કિંવા તેટલીજ શુદ્ધિ કરવી) એ સબંધી શૌચ કર્યા પછી પ્રત્યેક કર્મના પ્રારંભમાં સંધ્યાના પ્રારંભમાં જ્યાં ત્રણ આચમન લખ્યાં છે ત્યાં તેટલાં કરવાં પછી જેટલાં લખ્યાં છે તેટલાં કરવાનાં છે. પ્રત્યેક જગ્યાએ ત્રણ આચમન કરવાં જોઇએ એમ કેહેવાનો હેતુ કે ભોજન કર્યા પછી નિંદ્રા લીધા પછી, સ્નાન કર્યા પછી સ્માર્ત રીતે ઈશ્વર નામોચ્ચારણથી ત્રણ શૌચ કરવાં જોઇએ.

ॐ केशवाय नमः ॐ नारायणाय नमः ॐ माधवाय नमः એ ત્રણના એકેક નામવડે એકેક આચમન કરવું. તે એવી રીતે કે કાંસુ, લોહું, સીસું, કલાઇ, જસત અને પીતળના પાત્ર વડે આચમન કરવું નહિ. આચમન કરતી વેળાએ સ્વસ્થ બેસવું જમણા હાથના અંગુઠાના મૂળવડે આચમનનું જળ લેવું.

પ્રાતઃકાળમાં એવી રીતે શૌચ કરી લીધા પછી દાતણ કરવું

જાણી જોઇને જળ વિના મળમૂત્રનો ત્યાગ કરે તો ઉપવાસ કરી વસ્ત્ર સહીત સ્નાન કરવું જોઇએ. રાફડાની, ઉંદરના દરની. જળની અંદરની શૌચ કરતાં અવશેષ રહેલી. ઘરની ભીંતની, માર્ગમાં રહેલી અપવિત્ર સ્થાનની. મૃતિકાનો શૌચમાં નિષેધ છે. પણ શુદ્ધ મૃતિકાજ ઉપયોગમાં લેવી.

૪ दंत धावन विधिः

ટચલી આંગળીના અગ્ર જેવું જાડું છાલ સહીત ગાંઠ તથા છિદ્ર વિનાનું સરલ ને આઠ દશ કિંવા બાર આંગળ લાંબુ દાતણ લેવું તે સૂકું, સડેલું ન જોઈએ. દાતણ સમયે આ મંત્ર ભણવો.

आयुर्बलं यशोवर्चः प्रजा पशून्व सुनिच ॥

ब्रह्मप्रज्ञां चमेधांच त्वंनो देहि वनस्पते ॥

દાતણ ધોઇ ઉત્તર કે પૂર્વ ભણી મુખ રાખી તેને ચાવવું ને તેના એક આંગળને આશરે થયેલા કોમળ કુચાથી દાંત ઘસવા ચી. રીથી ઉલ ઉતારી મુખ શુદ્ધિ માટે બાર કોગળા કરી સૂર્યને નમન કરવું. તરત સ્નાન કરવું હોય તો ॐ **अपवित्र** પ્રાતઃસંધ્યામાં જુઓ. એ મંત્રથી માર્જન કરી પેહેરેલું વસ્ત્ર બદલી નાંખવું. વૃત્તને દિવસે મુખમાંથી લોહી ન નીકળે તેમ દાતણ કરવું. કારણ કે ધર્મશાસ્ત્ર પ્રમાણે મુખમાંથી લોહી નીકળવાથી વૃત્તનો ભંગ થાય છે. દાતણ ગ્રહણ કરવાનો નિયમ એવો છે કે. કાંટાવાળા વૃક્ષોનાં, જેમાંથી દૂધ નીકળે તેવા વૃક્ષોનાં દાતણ કરવાં.

લીમડો, મહુડો, વડ, કરંજ, પીંપળ, બોરડી, ખેર, આમલી, બીલી, ઉમરો, આંબો, કદંબ, ચંપક, અઘેડો, દાડમ એ વિગેરે દાતણુ માટે વિહિત છે. તાડ, ચણોઠી, કેતકી, કુશ, કાશ, ખજુરી, પીંપળો, ખાખરો, ગુંદો, બહેડી, સરગવો, શીસમ, કપાસ, અને નાળીએરી વિગેરેનાં દાતણુનો નિષેધ છે, બાવળ લીંમડો, આવળ વિગેરેનાં દાતણુ મધ્યમ છે.

५ स्नान विधिः

મૃતિકા ગોમયને લેઈ જળાશય પ્રતિ જઈ તેના તટને ધોઈ ત્યાં મૃતિકા તથા ગોમયાદિક મૂકી તે જળાશયને નમસ્કાર કરવો પછી લિંગ, ગુદા, હાથ, કાખ, છાતી, ને મસ્તક આદિ મૃતિકાને જળથી જળાશય બહાર ધોઈ ગોઠણુથી વધારે જળ હોયતો અને તેથી ઓછું હોયતો બેસીને આચમન લેવું. પછી આંજલીમાં જળ લઈ નીચે પ્રમાણે સંકલ્પ કરવો.

अत्राद्य महामांगल्यप्रदे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ अमुकवासरे सर्वकर्म शुद्ध्यर्थं प्रातःस्नान महं करिष्ये.

પછી જળને નમસ્કાર કરી. તળાવ, કુંડ કિંવા વાવમાં પૂર્વ ભણી અને નદીમાં પૂર્વ ભણી, કિંવા પ્રવાહ ભણી મુખ રાખી. નીચેના મંત્ર વડે મૃતિકાથી શિર, ખભા, પડખાં, ઉરને જંઘા આદિ સ્થળે નીચે ઉતરે એમ લેપન કરવું. તદવત્ ગોમયનું લેપન કરવું. પછી એક પ્રાણાયામ કરી. નીચેનો મંત્ર બોલવો.

यन्मया दूषितं तोयं मलैःशारीरसंभवैः ॥
तस्यपापस्य शुद्ध्यर्थं स्नान कुर्वे यथाविधि ॥

એ મંત્ર ભણી રહ્યા બાદ બન્ને અંગુઠાથી બે કાન બન્ને તર્જનીથી બન્ને નેત્રો બન્ને મધ્યમાથી બન્ને નાસાપુટ બંધ કરી જળમાં ત્રણવાર ડૂબકી મારી બધા અંગોનું હાથોવડે ક્ષાલન કરવું.

६ ॥ उष्णोदक स्नान विधिः ॥

હાથ પગ ધોઈ શિખા બાંધી શ્રી-સદાશિવનું સ્મરણ કરી પૂર્વાભિમુખે અગર ઉત્તરાભિમુખે બેસી આચમન કરી આગળ કહેલી રીતે સંકલ્પ કરવો ઘરે ઉષ્ણ જળ વડે સ્નાન કરવું. ટાઢા જળવડે તીર્થ ભાવનાથી પાત્રમાં તે જળ રેડે ઉપર ઉષ્ણ રેડવું.

गंगेच युमने देवि ! गोदावरी सरस्वति
नर्मदे सिंधु कावेरि जलेस्मिन् । संनिधिं कुरु ॥

એ શ્લોક વડે સ્મરણ કરી અપવિત્ર જળના છાંટા જરી પાત્રમાં ન પડે તેમ સાવધાનતા રાખી મૌનપણે શરીર સારી રીતે સ્વચ્છ થાય તેમ સ્નાન કરવું. પછી આચમન કરી પવિત્ર સુકાયલું વસ્ત્ર પહેરી સ્નાન સમયે પહેરેલું ભિનું હતું તે કાઢી નાખવું તે નીચોવેલ વસ્ત્રને કદાપિ ખભે રાખવું નહિ.

७ गौण स्नान विधिः

१ ॐ आपोहिष्ठामयो भुवस्तान उर्ज्जे दधातन्न महेरणाय चक्षसे ॥

એ મંત્ર વડે અંગોનું પ્રોક્ષણ કરવું તે મંત્ર સ્નાન કહેવાય છે.

૨ દશ ગાયત્રીથી જળ મંત્રી અંગોનું પ્રોક્ષણ કરવું તે ગાયત્રિ સ્નાન છે.

૩ ભસ્મ અંગોને અડાડવી તે આગ્નેય સ્નાન છે.

૪ ગાયોના ચાલવાથી ઉડતી રજને પોતાના શરીર ઉપર અડવા દેવી તે વાયવ્ય સ્નાન છે.

૫ તડકામાં ઉભા રહી પોતાના શરીર ઉપર વૃષ્ટિના છાંટા પડવા દેવા તે દીવ્ય સ્નાન છે.

૬ જળમાં ડૂબકી મારી તરત બહાર નિકળવું તે વારૂણ સ્નાન છે.

૭ વસ્ત્ર પલાળી તે વડે શરીર લુછી નાખવું તે કાપિલ સ્નાન છે.

૮ શુદ્ધ મૃતિકાથી સ્નાન કરવું અંગોને થોડી મૃતિકા લગાડવી તે પાર્થિવ સ્નાન છે.

૯ આત્મચિંતન કરવું તે માનસીક સ્નાન છે.

ઉપરનાં લખેલાં ગૌણસ્નાનથી જપ સંધ્યાવંદન કરી શકાય છે, તે સ્નાનો શરીરની અસુખાકારી દશામાંજ કરવાનાં છે. પણ શરીર સ્વસ્થ હોય છતાં ગૌણ સ્નાનથી સંધ્યાવંદનાદિક કરવાની મનાઇ છે. સૂર્ય ઉદય થયા પહેલાં જે સ્નાન તે ઉત્તમ છે. સૂર્યોદય સમયે જે સ્નાન થાય તે મધ્યમ છે, અને સૂર્યોદય થયા પછીનું સ્થાન કનિષ્ટ છે.

८ ॥ त्रिपुंड्र धारण विधिः ॥

સ્નાન કર્યા પછી તેના અંતમાં અને સંધ્યા, જપ, પાઠ આદિના આરંભમાં અવશ્ય ત્રિપુંડ્ર કરવાં જોઇએ. ડાબા હાથમાં ભસ્મ લેઇ તે પર જમણો હાથ ઉંધો રાખી સંપુટ કરી

ॐ अग्नि रिति भस्म, वायु रिति भस्म, जल मिति भस्म स्थल मिति भस्म, व्योमेति भस्म, सर्वं हवा इदं भस्म मन एतानि चक्षुसि भस्मानि, એ મંત્રથી ભસ્મ મંત્રી તેમાં **आपो ज्योति रसो मृतं. ब्रह्म भुर्भुवः स्वरोम्.** એ મંત્રથી જળ મિશ્રિત કરી પછી બંન્ને હાથની બંન્ને આંગળીઓ વડે તે ભસ્મને.

ॐ त्रंबकं यजामहे सुगंधिं पुष्टि वर्धनम् उर्वारुक मिव बंधनान्मृत्यो र्मुक्षियमामृतात्

એ મંત્ર બોલી મસળવી. પછી સૂર્યને પ્રદર્શિત કરી તે ભસ્મ વડે લલાટ, કંઠ, હૃદય, ખભા, બાહુઓની સંધિઓ અને હાથનાં પડખાં અને શિર એ સ્થાનકે

ॐ नमः शिवाय

એ મંત્ર વડે ત્રિપુંડ્ર કરવાં. શિર, લલાટમાં, બે સ્કંધમાં ને હૃદય એવાં પાંચ સ્થાને ત્રિપુંડ્ર કરવાનું કહ્યું છે. તેમાં લલાટમાં એક ભ્રુના મધ્યથી બીજી ભ્રુ ના મધ્ય સુધી કરવું.

९ ग्राह्य भस्म

અગ્નિહોત્રની, વિરજા હોમની, નિત્યહોમની, સમિધની તથા ગાયનાં છાણને સુકવી બનાવેલી ઉપયોગમાં લેવી. ગંગાની શુદ્ધ મૃતિકા પણ ત્રિપુંડ્રના ઉપયોગમાં આવી શકે છે. વિરજા હોમની કે અગ્નિહોત્રની ભસ્મ ન મળે તો ગાયના સુકવેલા છાણની સુમિધથી અગ્નિ પ્રજ્વલિત કરી તે ભસ્મ કામમાં લેવી.

आसन विचार.

દર્ભનું, મૃગચર્મનું, વ્યાઘ્રચર્મનું કે ઉનનું આસન સંધ્યાવંદનના કામમાં લેવું. ઉઘાડી પૃથ્વી ઉપર કે લાકડાના ઉઘાડા આસન પર કે સુતરના વસ્ત્ર ઉપર બેસી સંધ્યા કરવી નહિ.

पात्र विचार.

પાત્રો ત્રાંબાનાં, રૂપાનાં કે સોનાનાં હોવાં જોઇએ.

दान विचार.

નિત્યપ્રતિ યથાશક્તિ કાંઇક દાન અવશ્ય કરવું જોઇએ. કારણ કે ચૂલો, પાણીઆરૂં, કચરો, જગી, ઘંટી વગેરે સ્થળે હમેશાં પાપ થાય છે. તેની નિવૃત્તિ દાનથીજ થાય છે.

१० रुद्राक्ष धारण विधिः

કંઠમાં ૧૦૮ પારાની માળા પહેરવી અથવા અનુકુળતા હોય

તો આ પ્રમાણે રૂદ્રાક્ષ પહેરવી જોઇએ. કંઠમાં ૩૨, માથામાં ૪૦, પ્રત્યેક કાનમાં ૭ ૭, બન્ને હાથના કાંડા ઉપર ૧૨, ૧૨, બન્ને કોણીએ કાંહાના ઉપલા ભાગ ઉપર ૧૬ ૧૬, શિખામાં એક વક્ષસ્થળમાં ૧૦૮ ની માળા એ રીતે રૂદ્રાક્ષ ધારણ કરવી જોઇએ રૂદ્રાક્ષ ધારણ કરતાં ૐ रुद्रमुर्तये शिवायनमः એ મંત્રોચ્ચારણ કરવું.

११ सामान्य धर्म पाळवाना ते.

આ પુસ્તકમાં લખ્યા પ્રમાણે સંધ્યાવંદન કરવું.

૧ વેદમાર્ગમાં પૂર્ણ વિશ્વાસ રાખવો.

૨ કાયા માયા કાચાં જાણી વૈરાગ્ય રાખવો,

૩ પવિત્ર રહેવું.

૪ નિશાદાર–પદાર્થ. ખાવાંપીવાં નહીં,

૫ મદ્ય. માંસ. ન ખાવું.

૬ આત્મઘાત ન કરવો.

૭ નિત્ય સંધ્યા ન કરે તે શુદ્રપણાને પામે છે.

૮ ઉત્તમવર્ણ શિવાયનું અંન જળ ન ખાવું પીવું.

૯ વેદશાસ્ત્રની મર્યાદામાં રહી ધર્મ પાળવો.

૧૦ પંચદેવ. વિષ્ણુ. શિવ. ગણપતિ. સૂર્ય. દેવિ.

૧૧ એમના વિના ક્ષુદ્ર દેવની ઉપાસના ન કરવી.

૧૨ ગાય. બ્રાહ્મણને. ભેખને. માંનવા પૂજવા.

૧૩ સત્વગુણ રાખવો.

૧૪ હિંસા કર્મ કરાવવાં નહીં.

૧૫ ચર્મવારિ એટલે ચામડામાં ભરેલું પાણી ન પીવું.

૧૬ ચોરી કરવી નહી તથા કરાવવી નહીં.

૧૭ વ્યભિચાર કરવો નહીં.

૧૮ શબ્દ. સ્પર્શ. રૂપ. રસ. ગંધ. પંચ વિષયની વાસના તજવી.

૧૯ લોભ- સ્વાદ. સ્નેહ. કાંમ. માંન. મોહ એ ૭ અવગુણો તજવા

૨૦ ઇશ્વરને પ્રસંન્ન કરી પરમપદ. મેળવવું.

૨૧ શાસ્ત્ર ભણવાનો દરેકને અભ્યાસ રાખવો.

૨૨ ગળ્યાવિના જળ તથા. દુધ. ઘી. ખાવું પીવું નહીં. તા. વાપરવું નહીં.

૨૩ દૈવિ માયાના ૨૬ સદ્ગુંણ ગ્રહણ કરવા.

૨૪ જ્ઞાનનાં ૨૦ લક્ષણ ભક્તિ સહિત પ્રાપ્ત કરી

૨૫ મોક્ષપદ મેળવું.

૨૬ શિવ વિષ્ણું. એ એકાત્મ ભાવે પૂજવા માનવા.

૨૭ વગેરે ધર્મપાળેથી–પોતાનું સત્કાર્ય પ્રાપ્ત થાય,

૨૮ જુઠું ન બોલવું. કપટ. દગો. છળ. વિશ્વાસઘાત. ઠગાઇ ન કરવી.

૨૯ નિર્લજ ભાષણ ન કરવું.

૩૦ બની શકે તો સહસ્ત્રનામાવલી. નામ સ્મરણ પુરૂ કરવું.

૩૧ અષ્ટાંગ યોગ. સાધનો તથા. વેદાંત ભણવું.

૩૨ મન વશ્ય કરવા પરમાત્મામાં મન જોડી દેવું.

અસ્તુ.

१२ रत्नं प्रथमं-

॥ अथ मानासिक स्नानविधिः ॥

स्वस्थितं पुंडरीकाक्षं मंत्रमूर्तिं हरिंस्मरेत् ।
अनंतादित्यसंकाशं वासुदेवं चतुर्भुजम् ॥ १ ॥
शंखचक्रगदापद्म—धारिणं वनमालिनं ।
श्यामलं शांतवदनं दिव्यपीतांबरावृतं ॥ २ ॥
दिव्यचंदनलिप्तांगं चारुहासं शुभेक्षणं ।
अनेकरत्नसंछन्न स्फुरन्मकरकुंडलं ॥ ३ ॥
नारदादिभिरासेव्यं भास्वत् विमलकंकणं ।
सकिंकिणीककेयुर हीरनूपुरशोभितं ॥ ४ ॥
ध्वजवज्रांकुशाब्जाढ्यं पादपाथोरुहद्वयं ।
तत्पादोदकजांगगां निपतंतिं स्वमूर्धनि ॥ ५ ॥
चिंतयेत् ब्रह्मरंध्रेण प्रविशंतिं स्वकां तनुं ।
तया संक्षालयेत् सर्वमंतर्देहगतं मलं ॥ ६ ॥
तत्क्षणात् विरजोमर्त्यो जायते स्फाटिकोपमः
अंतर्बहिश्च शुद्ध्यर्थं मानसं स्नानमाचरेत् ॥ ७ ॥

इदंमानसिकं स्नानं प्रोक्तं हरिहरादिभिः ।
इदं स्नान वरं मंत्रं सुसहस्राधिकं स्मृतम् ॥ ८ ॥
रजस्तमो मोहजातात् जाग्रत्स्वप्न सुषुप्तिमत् ।
वाङ्मनः कायिकान् दोषान्सर्वेतान् नामभिर्दहेत् ॥ ९ ॥
सार्द्धंत्रिकोटि तीर्थेषु स्नानात् कोटि युतं फलं ।
यः पठेत् प्रातरुत्थाय भक्ति युक्ते न चेतसा ॥ १० ॥
कालमृत्युमतिक्रम्य जीवत्येव न संशयः
नमः शिवायै गंगायै शिलदायै नमोनमः ॥ ११ ॥
नमः त्रिपथगामिन्यै विश्व मुर्त्यै नमोनमः ।
नमोऽस्तु पापहारिण्यै भागिरथ्यै नमोनमः ॥ १२ ॥
इंडा भागीरथी गंगा पिंगला यमुना नदी ।
तयोर्मध्य गता नाडि सुषुम्णाख्या सरस्वती ॥ १३ ॥
ज्ञान ह्रदे ध्यान ज्रले रागद्वेषमलापहे ।
यः स्नातिमानसे तीर्थे सयाति परमांगतिं ॥ १४ ॥
एवंयः प्रत्यहं स्मृत्वा मानसं स्नानमाचरेत् ।
अलि नीलंबन श्यामं कमलायत लोचनं ॥ १५ ॥
स्मरामि पुंडरिकाक्षं ते न स्नातो भवाम्यहं ।

अच्युतोह्मनंतोहं गोविंदोहमहं हरिः ॥ १६ ॥

आनंदोहमशेषोह मजोहममृतोऽस्म्यहं ।

नित्योहं निर्विकल्पोहं निराकारोहमव्ययः ॥ १७ ॥

सच्चिदानंद रूपोहं परिपूर्णोस्मि सर्वदा ।

ब्रह्मैवाहंनसंसारी मुक्तोहमिति भावयेत् ॥ १८ ॥

अशक्तश्चेत् भावयितुं वाक्यमेतत् सदाभ्यसेत् ।

वाक्याभ्यसनमात्रेण ब्रह्मीभूतो भवेन्नरः ॥ १९ ॥

सदेहेच परंब्रह्म पदंयातिन संशयः ॥ २० ॥

इति मानसिकस्नानविधिः संपूर्ण. ॥

इति प्रथमं रत्नम् ॥

१३ रत्नं २ संध्या विधिः

ॐ तत्सत्परमात्मने नमः

પ્રથમ સ્નાન કરવું. ॐ વિષ્ણુઃ વિષ્ણુઃ વિષ્ણુઃ ત્રણ વખત. આચમન કરવું. (અથવા પૂર્વોક્ત રીતે જે પ્રમાણે કહી ગયા તે રીતે) ॐ वाक् वाक् प्राणः प्राणः घ्राणः घ्राणः चक्षुः चक्षुः श्रोत्रं श्रोत्रं नाभिः हृदयः कंठः मुध्नि. उर्वो. जानुनी झंघयोः पादयोः सर्वांगे. ॥ नीचेना मंत्रथी हाथमां पाणी लेइ શરીરાદિક પવિત્ર કરવું ॥ मंत्र. अपवित्रः पवित्रो वा सर्वावस्थांगतोऽपिवा ॥ यः स्मरेत्पुंडरीकाक्षं सबाह्या भ्यंतरः शुचिः ॥ १ ॥ ॐ पुंडरीकाक्षाय नमः (એમ બોલવું ॥ महापातकोपपातकदूरितक्षयार्थं विष्णु लोक प्राप्त्यर्थं परमहंसोपासनमहं करीष्ये. (એમ સંકલ્પ કરવો). આસનપર સ્વહસ્ત મુકી નીચેનો મંત્ર ભણવો.॥ पृथ्वीत्वया धृता लोकादेवि त्वं विष्णुना धृता ॥ त्वंच धारय मां देवि पवित्रं कुरु चासनं ॥ १ ॥ પછી નીચેના મંત્રથી ભૂત શુદ્ધિ કરવી. ॥ अपसर्पंतुयेभूतायेभूता भूमिसंस्थिताः ॥ येभूता विघ्नकर्तार स्तेनश्यंतु शिवाज्ञया ॥ १ ॥

પોતાના સ્વહસ્તથી હસ્ત સંપુટ મુદ્રા કરી મૂર્ધ્નિ દેશમાં

ॐ ह्रैं ह्रीं श्रीं गुरुभ्यो नमः એમ ઉચ્ચાર કરી આત્માને ગુરૂ પરમાત્માનું ધ્યાન કરવું ॥ गं गणपतये नमः क्षं क्षेत्र पालाय नमः दं दुर्गायै नमः सं सरस्वत्यै नमः श्री परम हंस देवतायै नमः । એમ નમસ્કાર કરવા ॥ અથ દશ દિગ્ દેવ નમસ્કારઃ ॥ ॐ इंद्राय नमः ॐ अग्नये नमः ॐ यमाय नमः ॐ नैरुतये नमः ॐ वरुणाय नमः ॐ वाग् देवतायै नमः ॐ कुबेराय नमः ॐ इशानाय नमः ब्रह्मणे नमः ॐ अनंताय नमः । પશ્ચાત્—પૂરક કુંભક રેચક. ત્રણ પ્રકારથી પ્રાણાયામ કરવો ॥ તેમાં પ્રણવ ૧૬ થી પુરક, પ્રણવ ૬૪ થી કુંભક, પ્રણવ ૩૨ થી રેચક, આ પ્રમાણે પ્રાણાયામ કરવો. ॐ अस्य श्री परम हंस मंत्रस्य परम हंस स्वरूप नारायण ऋषिः परम हंस च्छंदः परमात्मा देवता. हं इति बीजं. सं इति शक्तिः सोहं किलकं सोहं हंसः इति मंत्र जपे विनियोगः । (પાણી મુકવું) શ્રી પરમ હંસ મંત્રના ન્યાસ નીચે પ્રમાણે श्री परम हंसस्वरूपी नारायण ऋषये नमः शिरसि ॥ परम हंस छंदसे नमः मुखे ब्रह्म परमात्मा देवतायै नमः हृदये हं इति बीजाय नमः गुह्ये सं इति शक्तये नमः पादयोः सोम् इति कीलकाय नमः सर्वांगे ॥ ॐ हंसः अंगुष्ठाभ्यां नमः ॐ सोहं तर्जनीभ्यां

नमः ॐ परममध्यामाभ्यां नमः ॐ आत्मा अनामिकाभ्यां नमः ॐ चिन्मयः कनिष्ठिकाभ्यां नमः ॐ सच्चिदानंद कर तल करपृष्ठाभ्यां नमः ॥ अथ भूत शुद्धिः परिपूर्ण चिदाकाशे–निर्विकल्पे निरंजने ॥ सर्वभूतलयं कृत्वा भूत शुद्धि विचारयेत् ॥ इतिभूत शुद्धिः ॥ अथ प्राण प्रतिष्ठा ॥ पोताना हृदय उपर हस्त राखी निचेनो मंत्र भणवो. ॐ आं हें ह्रीं ह्रीं ह्रौं यं रं लं वं शं षं सं हं लं क्षं हं सः सोहं मम प्राणा इहागत्य ॥ ॐ आं हें ह्रीं मम इंद्रियाणि तिष्ठंतु ॥ ॐ आं है ह्रीं ह्रीं क्रौं मम वाक् मनः चक्षुः श्रोत्रं घ्राणः घ्राणः इहागत्य सुखं चिरं तिष्ठंतु स्वाहा ॥ इति प्राण प्रतिष्टा ॥

ॐ. आं ह्रीं क्रां. यं रं लं वं शं षं सं हं. लं क्षं सोहं. हंसः ॥ ॐ त्वक् चक्षु जिव्हा घ्राण वाक् पाणि पाद् पायू पस्थेंद्रियादि पृथ्वी आपो तेज वायु आकाश प्राणापान व्यान उदान समान. नाग कुर्म कृकल देवदत्त धनंजय अंतःकरण. मन बुद्धि चित्त अहंकार शब्द स्पर्श रूप रस गंध प्रकृति. पुरुष गुण त्रयः क्रौं हं आं ओं विश्व रूपी परमात्मा देवता इहागच्छ इहातिष्ठ सुखं चिरं संतिष्ठ स्वाहा ॥

अथ निर्गुण ध्यानं ॥

चिदानन्दसमयंब्रह्म । समत्वे नैव हि संस्थितं ॥
सोहं भावेन संध्येयं मनसापिचसंस्मरेत् ॥ १ ॥

सत्यं ज्ञानमनंतमाद्यमखिलं सर्वात्मकं सर्वगं ॥
नित्यानंदमयं निराकृति परं शांतं सदानंददं ॥
शुद्धं शाश्वत मूर्जितं त्रिभुवरं शुन्यं परं चिन्मयं ॥
ध्यायेदेकमनेकजन्मविभवं ध्येयं सदा योगिभिः ॥ २ ॥

अथ सगुण ध्यानं ॥

श्यामं सुंदर नेत्ररक्त वंदनं कर्णौ कपोल द्वयं ।
नासाग्रेक्षणकांति गौरललितं त्रिन्यस्त हस्तद्वयं ॥
जानुर्वो परि संस्थितंद्वि कमलं तस्मिन्निरीक्षेद्दशं ।
नग्नभग्नविषा दिदोष रहितं ध्येयं सदा मंगलं ॥ १ ॥

ॐ भूः मूर्ध्नि ॥ ॐ भूवः पूर्व वक्त्रे ॐ स्वः दक्षिण कर्णे ॐ महः वाम कर्णे ॐ जनः स्कंधयोः ॐ तपः कंठे ॐ सत्यं हृदये ॥ इति भूरादि सप्त व्याहृति न्यासः ॥ ततः मानस् पूजा. ततः जपं कुर्यात् પુનઃ આચમન કરીને પ્રાણાયામ કરી સ્વ કર્મ પરબ્રહ્મ પરમાત્માને અર્પણ કરવું.

॥ इति–द्वितीयं रत्नम् ॥

॥ हरि ॐ तत्सत् ब्रह्मार्पणमस्तु ॥

महा मंत्र.

ॐ हंस सोहं परमात्मा चिन्मयं सच्चिदानन्द स्वरूपं सोहं ब्रह्म ॐ हंसाय विद्महे महा हंसाय धिमहि तंन्नो हंसः प्रचोदयात् ॥

शिव गायत्री.

ॐ तत्पुरुषाय धिमहिं महा देवाय धिमहिं तन्नो रुद्रः प्रचोदयात् ॥

१४ रत्नं तृतीयं.

अथ शिवमानस पुजा.

रत्नैः कल्पित मासनं हिमजलैः स्नानंच दिव्यांबरं ।
नानारत्नविभूषितं मृगमदा मोदांकितं चंदनं ॥
जातिपुष्पक बिल्वपत्ररचितं पुष्पंच धूपं तथा ।
दीपं देव दयानिधे पशुपते हृत् कल्पितं गृह्यतां ॥ १ ॥
सौवर्णे मणिखंडरत्नरचिते पात्रे घृतं पायसं ।
भक्ष्यं पंचविधं पयोदधि युतं रंभाफलं पायसं ॥
शाकानामयुतं जलं रुचिकरं कर्पूरखंडोज्वलं ।
ताम्बुलं मनसा मया विरचितं भक्त्या प्रभो स्विकुरु ॥ २ ॥

छत्रं चामरयो र्युगं व्यजनकंचादर्शकं निर्मलं ।
वीणा भेरि मृदंगका॰॰कला गीतंच नृत्यं तथा ॥
साष्टांगप्रणतिः स्तुति र्बहुविधा ॐ तत् समस्तं मया ।
संकल्पेन समर्पितं तव विभो पूजां गृहाण प्रभो ॥ ३ ॥
आत्मा त्वं गिरिजामतिः सहचराः प्राणाः शरीरं गृहं ।
पूजा ते विषयोपभोग परमा निद्रा समाधिस्थितिः ॥
संचार पदयोः प्रदक्षिणाविधिः स्तोत्राणि सर्वागिरो ।

यद्यत्कर्म करोमित त्तदखिलं शंभोतवाराधनं ॥ ४ ॥

कर चरण कृतं वाक्कायजं कर्मजं वा ।
श्रवण नयनजंवा मानसं वा पराधं ॥
विहित मविहितं वा सर्वमेतत्क्षमस्व ।
जय जय करुणाब्धे श्री महादेव शंभो.

इतिश्री शिवमानस पूजा स्तोत्रं नाम तृतीयं रत्नं संपूर्ण ॥

१८ रत्नं ४.

श्री शिव परापूजा स्तोत्रं.

पूर्णस्यावाहनं कुत्र सर्वाधारस्यचासनं ॥
स्वच्छस्य पाद्यमर्घ्यंच शुद्धस्याचमनंकुतः ॥ १ ॥
निर्मलस्य कुतो स्नानं वस्त्रं विश्वोदरस्य च ॥
निरालंवस्योपावितं पुष्पं निर्वासिनस्यच ॥ २ ॥
निर्लेपस्य कुतांगंधो रम्यास्या भरणंकुतः ॥
नित्य तृप्तस्य नैवेद्यं तांबुलं च कुतोविभोः ॥ ३ ॥
प्रदक्षिणा ह्यनंतस्य ह्यद्वयस्य कुतो-स्तुतिः ॥
वेदवाक्यैरवेद्यस्यकथं स्तोत्रं विधीयते ॥ ४ ॥
स्वयं प्रकाशमानस्य कुतो निरांजनं विभोः ॥
अंतर्बहिश्च पूर्णस्य कथमुद्रासनं भवेत् ॥ ५ ॥
एवमेव परापूजा सर्वावस्थासुसर्वदा ॥
एकबुध्यातुदेवेशो विधेया ब्रह्मवादिभिः ॥ ६ ॥

इति शिव परापूजा रत्नं चतुर्थं समाप्तं.

१६ श्री शीवावाक्ति स्तोत्रं रत्नं ५.

अथ श्री व्यापकस्य सदाशिवस्य स्तोत्रं.

एकं ब्रह्मै वा द्वितीयं समस्तं ।
सत्यं सत्यं नेह नानास्ति किंचित् ॥
एको रुद्रो न द्वितीयोवतस्थे ।
तस्मादेकं त्वां प्रपद्ये महेशं ॥ १ ॥
एकः कर्तात्वंहि विश्वस्य शंभो ।
नानारूपष्वेक रूपोऽस्य रूपः ॥
यत्वत् तपत्यर्क एकोप्यनेकः ।
तस्मात् नान्यंत्वां प्रपद्ये शरण्यं ॥ २ ॥
रज्जौ सर्पः शुक्तियायां च रौप्यं ।
नैरः पुरस्तन्मृगाख्ये मरिचौ ।
यतवत् तत्वत् विश्वगेषः प्रपंचो ।
यास्मिन् ज्ञातेत्वां पपद्ये महेशं ॥ ३ ॥
तोये शैत्यं दाहकत्वंच वह्नौ ।
तापो भानौ सित चंद्रे प्रसादः ॥

पुष्पे गंधो दुग्धमध्ये च सर्पिश् ।
यद्वत् तद्वत् सु स्थितं त्वां महेशं ॥
तस्मात् त्वदन्यं न शरणं प्रपद्ये ॥ ४ ॥

शब्दं गृह्नास्य श्रवात्वांहिजीघ्रे ।
रघ्राण स्त्वं व्यंघ्री माया सिदूरात् ॥
त्यक्षः पश्येत्वं रसज्ञो प्यजीव्हः ॥
कस्त्वां सम्यक् वेत्त्यतस्त्वां प्रपद्ये ॥ ५ ॥

नोवेदस्त्वामिश साक्षात्हि वेदः
नोवा विष्णुर्नो विधाताऽखिलस्य ॥
नो योगिन्द्रानेन्द्र मुख्याश्च देवा ।
भक्तोवेदत्वामतस्त्वां प्रपद्ये ॥ ६ ॥

नोते गोत्रं नापि जन्मापि नाख्या ।
नोतेस्त्वं नैवशिलं न देशः ॥
इत्थं भूतोप्येश्वरस्त्वं त्रिलोक्याः ।
सर्वान् कामान्यरयेत् मो भजेत्वां ॥ ७ ॥

त्वत्तः सर्वं त्वंहि सर्वं स्मरारे ।
त्वं गौरीशस्त्वं नभोसि शांतः ॥

त्वंवै वृद्धः त्वं युवा त्वंच बालः ।
त्वंकी यत्त्वं नास्य तस्त्वांनतोऽस्मि ॥ ८ ॥

इत्येवं परमं स्तोत्रं पठेत्यस्तु दिने ॥
शिव रूपं परं ज्ञात्वा शिव सायुज्य माप्नुयात् ॥ ९ ॥

इतिश्री शिव स्तोत्रं संपूर्ण.

॥ इति पंचम रत्नम् ॥

विज्ञप्तिपत्र.

અવધૂત દશનામી ભાઇઓને હાલમાં એક મેળાવડો ભરવાની જરૂર છે. તે સંબધમાં આજ સુધી—કચ્છ—કાઠીયાવાડ—ચરોતર સુરત જીલ્લો. ઇડર રાજ્ય—મેવાડ—વગેરેમાં. સમૃદ્ધિવાન્ મહંતો અને બીજા દશનામી ભાઇઓ છે છતાં—પગલું ભરવામાં આવ્યું નથી.

ભરવામાં આવ્યું હોય તો—સંવત્ ૧૯૬૫ ના કાર્તિક શુદ ૧૫ ના દિવસે સિદ્ધપુર નિવાસી મહંતો પૈકી—કૃપાળુ મૂર્તિ ગંગા ભારથીજીએ—એક મેળાવડો ભર્યો હતો—અને પૂર્ણિમા તથા પ્રતિપદ્‌ના દિવસે—તેમાં સદ્ધર્મની ઉન્નતિના સંબંધનાં ભાષણો આપ્યાં હતાં. તે બધા ખર્ચનો બોજો પોતે ઉપાડી લીધો હતો. તેમજ આ બાબતનાં પુસ્તકો છપાવી બધા ભાઇઓને મફત વ્હેંચવા ઉપકાર કર્યો છે.

આ સંબંધીમાં આ સેવકે બધાઓને વિનંતિ કરી પણ કોઇ તૈયાર થયું નહિ ફરતાં ફરતાં ૧૯૬૪ ના મહા વદી ૧૪ ના દિવસે અંજળના આધારે ઇડર જવાયું. અને ત્યાંના શ્રીમંતોને આ સંબંધે વિજ્ઞપ્તિ કરી. ત્યારે **महंतश्री शंकरगिरिजी मोहनगिरिजीए रू. ५०१. महंतश्री केशवगिरिजी शंकरगिरिजीए रू. २५१ कहानगिरिजी वाला. महंतश्री डाह्या भारथीजी केशर भारथीजी कहान भारथीजी वाला रू. २५१. एवी रीते विज्ञप्ति** ધ્યાનમાં લેઇ રૂપીઆ ખર્ચ કરવા જણાવી—દશનામીઓની ઉન્નતિ કરવા આમંત્રણ કરી—ધર્મમાં નિષ્ણાત થવા અને કર્મકાંડમાં પ્રવિણ થવા. મેળાવડો ભરવાનું નક્કી કર્યું.

એ મેળાવડાનું પ્રમુખપદ સિદ્ધપુર નિવાસી કૃપાળુ મહિ મહંતશ્રીને આપવાનું છે. તેનું સ્થળ ઘડર છે એ મેળાવડો ચૈત્ર માસમાં ભરવાનો હતો પણ ઈશ્વરેચ્છા પ્રબળ હોવાથી ઉપરના ત્રણ મહંતશ્રીને વ્યવસાય આવી પડવાથી મુલતવી રાખવો પડ્યો તેમ તેમના પત્રોપરથી સમજાયું. તો હવે તેમની અનુકુળતાના આધારે ૧૯૬૨ની શાલમાં ખસુસ તેઓ નવરાશ લેઇ પધારી મેળાવડો ભરશે એવી ખાત્રી છે.

यद्यदाचरति श्रेष्ठ स्तत्तदेवेतरो जनः ।
सयत्प्रमाणं कुरुते कोऽलस्तदनुवर्तते

भगवद् गीता.

જે જે રીતે શ્રેષ્ટ પુરૂષ આચરણ કરે છે બીજા માણસો પણ તેનું અનુકરણ કરે છે. તે જે પ્રમાણ કરે છે લોકો તે પ્રમાણે વર્તે છે. એ ભગવાન્ વાક્યાનુસાર આપણા દશનામી ભાઈઓમાં મુખ્ય સબુદ્ધિમાન્નો પ્રયત્ન કરે તો આખા તમામ દશનામી ભાઈઓની ઉન્નતિ થાય માટે તેઓશ્રી કટિ કસી સતત પ્રયત્ન કરે ને તે પ્રમાણે બીજા સામાન્ય ભાઈ તેમનું શુભાચરણ જોઈ તે રીતે વર્તે અને તેમના હૃદયમાં શ્રીમાન્ શંકર પ્રભુ નિવાસ કરો એવી પ્રાર્થના છે.

મહંત શુખલાલપુરિ કેશવપુરિજી.

ગુન્મા—(વઢવાણ)

દુહા–કુંડળીઆ.

સિદ્ધક્ષેત્રના મઠ તણા, સંતો સિદ્ધ સમાન;
તેમાં પણ ગંગાસમા, ગંગાભારથી નામ,
ગંગાભારથી નામ, સૃષ્ટિમાં પ્રસર્યું સારૂ;
સત્યવાદી શિવરૂપ, ચિત્ત છે જેમનું ચારૂં.
ઇંદ્રિયજીત ઉદાર અતિ, ગણુતાં જેના ગુણ ઘણા;
સંતો સિદ્ધ સમાન, સિદ્ધક્ષેત્રના મઠ તણા.
જશ નિર્મળ છે આપનો, પ્રસર્યો અતિ ચોપાસ;
ઉપાસના છે દ્રઢ અતિ, છો શિવનાં શુભ દાસ.
છો શિવના શુભ દાસ, મંત્રી પણ મળીયા સારા;
પુનિત અતિ પ્રભુદાસ છે, પ્રભુને પૂરણ પ્યારા.
અવિચળ હરપદ પ્રીત, વૃત્તિ પણ વિભુના વશ છે;
પ્રસર્યો અતિ ચોપાસ, આપનો નિર્મળ યશ છે.

લેખક પી. બી. આર. શર્મા.

જાહેર ખબર.

આ સંખ્યા વગેરેની પદ્ધતિ જાણવી હોય તો સ્વામ બ્રહ્મગરજી સુખરામગરજીને મળવું.

તાલુકા દહેગામ, મુ. આ

હમણાની બાઇઓને આ પુસ્તક ઉપયોગી થઇ પ હવે ગઇ બીજી આવૃત્તિ સુધારા વધારા સાથે બહાર પાડી

× × × ×

યોગ સંબંધીનું કાંઇક જાણવા ઇચ્છનારે સ્વામી સરસ્વતિ સાથે મળવું હોય તથા તેમના તરફ એક યોગાશ્રય નિકળ્યું છે તેમાં અધિકારીને અષ્ટાંગ યોગાભ્યાસ શી આવે છે તેનાં ફંડમાં નાણું ભરવા ઇચ્છનારે નીચેને નાણાં મોકલવાં તથા પત્રવ્યવહાર કરવો.

મહંત સુખલાલપુરિ કેશવપુરિજી

વરસોડા-કલોલ થઇને-મુજ